# ૧ તમે શું ખાશો?

## ૧ ચાલો, ગાઈએ ગીતડું :

એક કબૂતર અને પતંગિયું, બની ગયાં દોસ્તાર
આહા! બની ગયાં દોસ્તાર.
અહીં-તહીં એ ઊડવા માટે ટીપટોપ તૈયાર
ઓહો! ટીપટોપ તૈયાર.
ચકલો-ચકલી આખો દહાડો ઊડતાં ફરરર... ફર...
આહા! ઊડતાં ફરરર... ફર...
ચટપટ સુઘરીના સપનામાં વાંદરાભાઈનું ઘર
ઓહો! વાંદરાભાઈનું ઘર.
વાંદરાટોળી વડલાડાળે કરતી હૂપાહૂપ
આહા! કરતી હૂપાહૂપ.
કોમડી મરઘી કામ કરે છે કેવી ચૂપાચૂપ
ઓહો! કેવી ચૂપાચૂપ.
બિલ્લુની બિલ્લીએ પગમાં બાંધ્યાં છે ઘૂંઘરુ
આહા! બાંધ્યાં છે ઘૂંઘરુ
ઉંદર ગુસપુસ કરતા : ‘‘જાદુ કરી ગયો ઝૂમરુ’’
ઓહો ! જાદુ કરી ગયો ઝૂમરુ...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨ ચિત્ર દોરો :

વિદ્યાર્થીઓને આંખો બંધ કરવા કહો. ગીતમાં આવેલા કોઈ એક પાત્રના દેખાવની કલ્પના કરવા કહો. જેની કલ્પના કરે તેનું ચિત્ર અહીં દોરવા કહો.

## ૩ કહો :

તમારા મિત્રએ કોનું ચિત્ર દોર્યું છે? તમારા મિત્રના ચિત્રનુ વર્ણન વર્ગ સમક્ષ કરો. તમારા ચિત્ર વિશે ત્રણ વાક્ય લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⟨૪⟩ વાર્તા સાંભળો :

### મયૂરપુરીમાં પાર્ટી

એકલા એકલા જમવામાં સિમરન બકરીને મજા ન આવી. તેને થયું, 'ચાલ, બધાંને જમવા બોલાવું.'

મયૂરપુરીમાં તો આનંદ આનંદ થઈ ગયો. બધાં બનીઠનીને ભેગાં થવા લાગ્યાં. તૈયાર થવામાં સવારનો નાસ્તો કરવાનું ભૂલી ગયાં હતાં.

બધાંથી પહેલાં બાબુ કબૂતર છાનુંમાનું આવી ગયું. લાલિયા બળદના ગાડામાં કોમડી મરઘી અને મીની બિલ્લી આવ્યાં. તેઓ ઢોલકપુરથી બળિયા ભીમને પણ લાવ્યાં હતાં.

ચટપટ સુઘરી ખટખટ વાંદરાને શોધવામાં મોડી પડી. પણ, ખટખટ તો લાલિયાના ગાડા પાછળ લટકીને આવી ગયેલો! ડિપુ શિયાળની ગુફા દૂર હતી એટલે એનેય વાર લાગી.

બધાં ડાઈનિંગ ટેબલ પર જમવા ગોઠવાયાં. ભૂખ તો કકડીને લાગી હતી, પણ સિમરન ભોજન પીરસે તો ને!

ત્યાં તો 'અમ્મન ચમ્મન, ગુડ કે લડ્ડુ' કરતો ઝૂમરુ જોકર આવ્યો. લાડુનું નામ સાંભળી બધાંને થયું, 'હવે સિમરન ભોજન પીરસશે.' પણ તેમ ન થયું. સિમીબાઈ તો હજુ પણ કોઈની રાહ જોતાં હતાં.

અચાનક 'વેરી ગુડ, વેરી ગુડ' કરતું પતંગિયું આવ્યું ને બધાંના કાને કાને ફરીને 'કેમ છો? મજામાં?' કહી ગયું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સિમરન બોલી, ''વાહ! બધાં આવી ગયાં.'' સાંભળીને બધાંને થયું, 'હવે જમવાનું મળશે!' ત્યાં તો ઝૂમરુ ઊભો થયો. કહે,

''અમ્મન ચમ્મન, ગુડ કે લડ્ડુ

સિમરન, બધાંને રસોઈ પીરસું?''

ભીમને થયું, 'ઝૂમરુ બધી રસોઈ છૂમંતર કરી દેશે તો?' સિમરન કંઈ બોલે એ પહેલાં જ ઝૂમરુ કહે,

''ચટપટ, ખટખટ, લેશો શું?

કોમડી, લાલિયા, મીનીબાઈ તું?

પીરસી દઉં કે કરી દઉં છૂ?''

બધાંએ એકસામટી બૂમ પાડી : ''ના... ના... ઝૂમરુ... ના...'' પછી તો... ઝૂમરુ હસતો જાય ને ચપટી વગાડતો જાય. જેમ ચપટી વાગે તેમ બધાંની થાળીમાં ભોજન પીરસાતું જાય. આ... હા...હા...હા...!

> શિક્ષકે પહેલી લીટી વાંચીને વિદ્યાર્થીને સૂચના આપવી કે બીજી લીટીથી તેમણે "આ...હા...હા..." બોલવું. પાંચમી-છઠ્ઠી ચપટીએ ખાલી જગ્યામાં શિક્ષકે પોતાની ગમતી વાનગીનું નામ બોલી લેવું. ત્યાર બાદ વિદ્યાર્થીઓને ખાલીજગ્યામાં પોતાની ગમતી વાનગીનાં નામ લખવા કહેવું.

પહેલી ચપટીએ પૂરણપોળી... આ...હા...હા...

બીજી ચપટીએ બટાકાવડાં.. આ...હા...હા...

ત્રીજી ચપટીએ ટામેટો સૉસ... આ...હા...હા...

ચોથી ચપટીએ ચૂરમાના લાડુ... આ...હા...હા...

પાંચમી ચપટીએ ________ આ...હા...હા...

છઠ્ઠી ચપટીએ ________ આ...હા...હા...

સાતમી ચપટીએ સિંહ આવ્યો!

બધાંએ બૂમાબૂમ કરી મૂકી, ''ભાગો... ભાગો... નહીંતર જીમી સિંહ આપણો નાસ્તો કરી જશે... ભાગો... ભાગો...''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ઝૂમરુએ આઠમી ચપટી વગાડી. બધાં છૂ! બધાં જ મયૂરપુરીમાંથી પતરંગા પાર્કમાં આવી ગયાં!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૫ વાતચીત :

(૧) બધાંને કકડીને કેમ ભૂખ લાગી હતી?

(૨) તમને કકડીને ભૂખ ક્યારે લાગે છે?

(૩) ભીમને શાની ચિંતા થઈ?

(૪) સાતમી ચપટીએ સિંહ આવ્યો, ત્યારે કોને બીક નહીં લાગી હોય?

(૫) જીમી સિંહ આવ્યો ત્યારે બધાંએ બૂમાબૂમ શા માટે કરી?

## ૬ કહો :

(૧) પાર્ટી ક્યારે ક્યારે રાખવામાં આવે છે?

(૨) તમે ક્યારે પાર્ટીમાં ગયા છો?

(૩) પાર્ટીમાં તમને સૌથી વધારે શું ગમે?

(૪) તમે ગયા હોય તેવી પાર્ટી વિશે કહો.

## ૭ કહો અને લખો :

(૧) પાર્ટીમાં રમી શકાય એવી રમતો

______, ______, ______

(૨) તમે પાર્ટીમાં દોસ્તોને શું જમાડશો?

______, ______, ______

(૩) પાર્ટીમાં તમને શું શું જમવા મળે તો મજા પડે?

______, ______, ______

(૪) પાર્ટીમાં તમે કયું ગીત ગાશો?

______

______

______

______


- **ચાલો, ગાઈએ ગીતડું :** એક કબૂતર અને પતંગિયું...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⟨૮⟩ ભોજનથાળ :

થાળમાં વાનગીઓની અનેક વાટકીઓ મૂકી છે. તેમાંથી પસંદ કરીને કોઠામાં લખો.




| ખૂબ જ ભાવે | ઓછું ભાવે | સાવ ન ભાવે |
| --- | --- | --- |
| | | |




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૯ ગીત ગાઓ :

### રસગુલ્લાં

આખો દિવસ હું તો ખાઉં, રસગુલ્લાં રસગુલ્લાં
બસ, એનાં હું ગીતો ગાઉં, રસગુલ્લાં રસગુલ્લાં
ઊંચા ઊંચા ઊંચા આભે, રસગુલ્લાં રસગુલ્લાં
ચાંદામામા પણ લાગે છે, રસગુલ્લાં રસગુલ્લાં
જ્યારે જ્યારે મમ્મી બનાવે રસગુલ્લાં રસગુલ્લાં
મોંમાં પાણી પાણી લાવે રસગુલ્લાં રસગુલ્લાં
દાદા-દાદી કેમ વખાણે? રસગુલ્લાં રસગુલ્લાં
દાંત નથી ને તોપણ ચાવે! રસગુલ્લાં રસગુલ્લાં
આખેઆખા હાથમાં લઈને, રસગુલ્લાં રસગુલ્લાં
મોંમાં મૂકું ઝપાક દઈને, રસગુલ્લાં રસગુલ્લાં
ચોરીછૂપી પપ્પા ખાતા, રસગુલ્લાં રસગુલ્લાં
હું તો ખાઉં ખુલ્લંખુલ્લા, રસગુલ્લાં રસગુલ્લાં

વિદ્યાર્થીઓની બે ટીમ પાડી એક ટીમ 'આખો દિવસ હું તો ખાઉં' અને બીજી ટીમ 'રસગુલ્લાં રસગુલ્લાં' ગાય તે રીતે આ ગીત ગવડાવો. બીજી વખત બંને ટીમની ગાવાની પંક્તિઓ અરસપરસ બદલીને ગવડાવો.

## ૧૦ વાતચીત :

(૧) તમને કઈ પંક્તિ ગાવાની સૌથી વધુ મજા પડી? ફરીથી ગાઓ.

(૨) તમને કઈ મીઠાઈ સૌથી વધુ ભાવે છે?

(૩) તમારી મમ્મી રસોઈમાં શું બનાવે છે? કઈ વાનગી બનાવે ત્યારે તમારા મોંમાં ખૂબ જ પાણી આવી જાય છે?

(૪) એવી કઈ કઈ વસ્તુઓ છે જે તમે આખેઆખી મોંમાં મૂકીને ખાઓ છો?

(૫) તમે કોઈ વ્યક્તિને ચોરીછૂપીથી ખાતાં જોઈ છે? ક્યારે?

(૬) તમે શું શું ચોરીછૂપીથી ખાઓ છો? શા માટે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧ કહો :

(૧) બાળક આખો દિવસ રસગુલ્લાં કેમ ખાતો હતો?

(૨) ચાંદામામા રસગુલ્લાં જેવા કેમ લાગતા હતા?

(૩) મમ્મી રસગુલ્લાં બનાવે ત્યારે બાળકના મોંમાં પાણી કેમ આવતું હતું?

(૪) દાદા-દાદીને દાંત કેમ નહીં હોય?

(૫) પપ્પા ચોરી-છૂપીથી રસગુલ્લાં કેમ ખાતા હશે?

(૬) રસગુલ્લાંને ખુલ્લંખુલ્લા કેવી રીતે ખવાય?

## ૧૨ પૂછીને જાણો :

ઘરનાં વડીલોને પૂછો કે રસગુલ્લામાં ક્યાંય કાણું નથી, બહારથી બંધ છે, તો અંદર રસ કેવી રીતે ભર્યો હશે ?

## ૧૩ રસગુલ્લાંની જગ્યાએ તમને ભાવતી વાનગીનું નામ મૂકીને આખું ગીત ફરીથી ગાઓ.

- **ચાલો, ગાઈએ ગીતડું : એક કબૂતર અને પતંગિયું...**

## ૧૪ ચાલો, બનાવીએ લીંબુ શરબત :

શિક્ષકે વિદ્યાર્થીઓને આગલા દિવસે જરૂરી ચીજ વસ્તુઓ ઘરેથી લઈ આવવા કહેવું.

(૧) શું શું જોઈશે? - લીંબુ, ખાંડ, મીઠું, જીરું...

(૨) હાથ ધોઈને લીંબુ શરબત બનાવો.

(૩) બનાવવાની રીત અહીં લખો :

એક તપેલીમાં પાણી લીધું. પછી...





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૫ વાનગી કેવી લાગે? ઉદાહરણ પ્રમાણે લખો :

(મીઠાં/મીઠો/મીઠું/મીઠી, ખાટાં/ખાટો/ખાટું/ખાટી, તીખાં/તીખો/તીખું/તીખી, કડવું/કડવો/કડવું/કડવી)

| વાનગી | | કેવી લાગે? | વાનગી | | કેવી લાગે? |
|---|---|---|---|---|---|
| ચટણી | - | તીખી તમતમતી ચટણી | અથાણું | - | ખાટુંમીઠું અથાણું |
| હલવો | - | | બટાકાવડાં | - | |
| પાપડ | - | | મધ | - | |
| બુંદી | - | | મેથીપાક | - | |
| ચેવડો | - | | દૂધપાક | - | |
| ઢોસા | - | | આઈસક્રીમ | - | |
| રસગુલ્લાં | - | | કઢી | - | |

## ૧૬ જાણો અને લખો : એક કિલોનો કેટલો ભાવ ?

- ઘરના વડીલો સાથે બજારમાં જાઓ.
- દુકાનદારને નીચે આપેલી વસ્તુનો ૧ કિલોનો ભાવ પૂછો.
- એક કિલોનો ભાવ અને પૂછ્યાની તારીખ નોંધો.
- છેલ્લાં બે ખાનાંમાં તમને ગમતી બે વસ્તુ વિશે લખો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| ૧ કિલો | ભાવ | તારીખ |
| --- | --- | --- |
| જુવાર | ૨૮ ₹ | ૭-૬-૨૦____ |
| ખારી શિંગ | ૨૦૦ ₹ | ૫-૭-૨૦____ |
| ચણા | | |
| બાજરો | | |
| મમરા | | |
| બટાકાની વેફર | | |
| કાજુ | | |
| બદામ | | |
| અખરોટ | | |
| સફરજન | | |
| ચોખા | | |
| મધ | | |
| સાકર | | |
| ઘી | | |
| ખાંડ | | |
| ગોળ | | |
| ચા | | |
| | | |
| | | |

**(૧૭) શામાંથી શું બને? ઘરમાં કોઈને પૂછીને લખો :**

દૂધમાંથી - દહીં, છાશ, માખણ, બરફી, ઘી, ખીર, કુલફી

ઘઉંમાંથી -



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કેરીમાંથી -

- શાક, બટાકાવડાં, સમોસાં, સૂકી ભાજી, વેફર, ચેવડો, પરોઠાં

ચણામાંથી -

ભાત, પુલાવ, ખીચડી, રોટલા, પાપડી, પાપડીનો લોટ

- **ચાલો, ગાઈએ ગીતડું :** એક કબૂતર અને પતંગિયું...

## ૧૮ સાચું-ગપ્પું, ગપ્પું-સાચું :

- સાચું હોય તેને ગપ્પું બનાવો, ગપ્પું હોય તેનું સાચું વાક્ય બનાવીને લખો.

(૧) એક મોટા જંગલમાં નાનકડી કીડી રહેતી હતી.

એક નાનકડું જંગલ મોટી કીડીમાં રહેતું હતું.

(૨) ઊડતી રેલગાડીમાં ટીકુની પતંગ ફસાઈ ગઈ.

(૩) વરસાદમાં નહાવાનો કંટાળો આવે છે.

(૪) મારા પગ નીચે હાથી દબાઈ ગયો.

(૫) અમારી કાર પાણીથી ચાલે છે.

(૬) મને મચ્છર કરડે છે.

(૭) પંખીઓ આકાશમાં ઊડે છે.

(૮) આકાશમાંથી દૂધપાકનો વરસાદ વરસ્યો.

(૯) મેં આંબા પરથી કેરી તોડીને ખાધી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૧૦) ઊડતાં ઊડતાં બગલો પોતાની પાંખ પર સૂઈ ગયો.

## ૧૯ વાક્યો મોટેથી વાંચો :

ઉ.દા. ચઆ ચગાચાય ચછે.

આ ગાય છે.

(૧) શ્રમશ્રને શ્રદૂશ્રધ શ્રભાત્રવે શ્રછે.

મને દૂધ ભાવે છે.


(૨) ત્રકાત્રકીત્રએ ત્રકેત્રરી ત્રકાત્રપી.


(૩) શ્રચાશ્રલ, શ્રબશ્રધાંશ્રને શ્રજશ્રમશ્રવા શ્રબોશ્રલાશ્રવું.

(૪) ઋઝૂઋમઋરુઋએ ઋઆઋઠઋમી ઋચઋપઋટી ઋવઋગાઋડી.

(૫) ત્રબત્રધાંત્રને ત્રકત્રકત્રડીત્રને ત્રભૂત્રખ ત્રલાત્રગી ત્રહત્રતી.


## ૨૦ ચિત્રોમાં રંગબેરંગી 'ત્ર' 'શ્ર' અને 'ઋ' અક્ષરો લખી રંગ પૂરો :












Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in







## ૨૧ રમત : કક્કા જાસૂસ.

નીચે આપેલા કોઠામાંના અક્ષર મયૂરપુરીમાં પાર્ટી વાર્તામાં કેટલી વખત આવે છે તે ગણીને લખવા કહો. આ અક્ષર સાથે જુદી જુદી માત્રાઓ હોય તો પણ તેની ગણતરી કરવી તે ખાસ કહો. સરવાળો કરી મળતા જવાબની સરખામણી કરાવો. જેણે ઝડપથી સાચા અક્ષર ગણ્યા હોય તે વિજેતા ગણાશે.

| અક્ષર | લ | અ | મ | હ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા? | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **ચાલો, ગાઈએ ગીતડું :** એક કબૂતર અને પતંગિયું.

**૨૨ જરા હસીએ :**

ચુન્ની જમતાં જમતાં અટકીને કંઈક વિચારતી હતી.

મમ્મી : શું થયું, ચુન્ની?

ચુન્ની : મમ્મી, હું એ વિચારું છું કે આ પૂરીને અડધી ખાઈ લઈએ પછી પણ એને 'પૂરી' જ કહેવાય કે 'અડધી'?

**મોટેથી ગાઓ :**

## પરપોટો

સાબુનો પરપોટો
આરપાર સૌ જોઈ શકે પણ એમાં સહુનો ફોટો...
અહીં ઊડતો ને તહીં ઊડતો
જાય બહુ ના છેટો,
ફુગ્ગા જેવો મસમોટોને
કોઈ છે વડનો ટેટો
અગણિત આ ડબ્બીમાં બેઠા ના કંઈ એનો તોટો...
અવકાશી તારાઓ જેવા
મારે આંગણ ઊડતા
ફૂટી જાયે કોઈ અચાનક
અથડાઈ કો' તૂટતા
ફસકી જાયે સૌની દુનિયા આપણા જેવો ટોટો
સાબુનો પરપોટો

- સુધીર દેસાઈ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in